સમનગાનનો શાહેનશાહ

# શુદ્ધિપત્રીકા.

| પાનુ. | લીટી. | અશુદ્ધ. | શુદ્ધ. |
|---|---|---|---|
| ૬ | ૬ | સલતનત | સલતનતના |
| ૭ | ૧૮ | અફ્રેક પછી એક | એક પછી એક |
| ૮ | ૨૧ | રાજ્મ | રાજ્ય |
| ૯ | ૯ | ખએર ? | ખએર. |
| ૧૦ | ૨૪ | બામુલડી | બામુલકી |
| ૧૦ | ૨૫ | તેની | તેરી |
| ૧૧ | ૧૪ | આવેચ | આવે છે. |
| ૧૨ | ૧૨ | સરદારની | સરદારી |
| ,, | ,, | ફ્રોજ | ફ્રોજની |
| ,, | ,, | પ્રીલ | ફ્રીલ |
| ૧૪ | ૨૧ | માનું | માગું |
| ૧૫ | ૨૩ | કરેચ | કરે છે |
| ૧૬ | ૧૫ | જોસે | જોશે |
| ૧ | ૮૪ | સરાદે | સરોદ |
| ,, | ૯ | ખળભેળે | ખળભળે |
| ,, | ૨૨ | થાયચ | થાય છે |
| ૧૮ | ૨૩ | લડડેચ | લડડે છે |
| ,, | ,, | આવેચ | આવે છે |
| ૨૧ | ૩ | કેત્તાકતર | કંત્રાકતર |
| ૨૩ | ૨૫ | કરેચ | કરે છે |
| ૨૪ | ૧૪ | લેખંડી | લોખંડી |
| ૨૫ | ૯ | તમારી | તમારી |
| ૨૬ | ૧૨ | મળના | મળતા |
| ૨૬ | ૭ | છે | છો |
| ૨૭ | ૧૬ | આય | આ |
| ૨૮ | ૧૩ | વ્હાલાઓ | વ્હાલાંઓ |
| ૩૦ | ૧૧ | રાજ્યા | રાજ્ય |
| ૩૩ | ૩ | કરૂંચછું | કરૂંછું |
| ૩૩ | ૭ | તારા | તારી |
| ૩૪ | ૨ | તે હું બરાબર ધ્યાન આપી | બરાબર ધ્યાન આપી હું તે |
| ૩૫ | ૧૬ | એન | એને |

# દીબાચો.

---

વ્હાલા વાંચક.

હું તમારી સનમુખ એક નાનકડી ચોપડી રજુ કરૂંછું. આજના જમાનાની શોખીન પ્રજાને લુખ્ખું વાંચતાં કંટાળો ઉપજે છે તેથી નાટક જેવી નીતીની શાળામાં દાખલ થવાની મેં આ પહેલી કોશેશ કરી છે. હું ઇચ્છું છું કે તમે કીમતી મદદ મને આપતા રહેશો અને બીજા કોઇ વિષય ભવીષ્યમાં લખવાનું મન થાય એમ ઉત્તેજન આપતા રહેશો. મારી કમી શક્તીથી લખાયલાં આ નાનકડા ચોપાનીઆમાં ભુલો હશેજ મારી ભુલ સુધારવામાં તમારી કીમતી મદદ આપશો તો તમારો અત્યંત આભારી થઇશ. આશા રાખું છું કે આ થોડીક લાઇનો ફોકટમાં નહી જતાં મારી આ નાનકડી ચોપડી તમારી પસંદગીને પાત્ર થાય.

લી. દુવાગીર તાબેદાર સેવક.
**બમનશા પેસ્તનજી ભાવનગરી.**
C/o પી. ધનજીભાઇ એન્ડ સન્સ
જુની પોષ્ટ ઓફીસનું મકાન.

અમદાવાદ.
તા. ૧૮ મી ઓગષ્ટ ૧૯૧૦

---

# પાત્રો.

---

**સબરશાહ**—સમનગાનનો શેહેનશાહ.

**શેહેરનવાજ**—સબરશાહની રાણી.

**કૈખુશરૂ**—સમનગાનનો વજીર.

**સોહરાબ**—સબરશાહની ફોજનો સરદાર.

**કાઉસ**—કેરમાન સલતનતનો શેહેનશાહ.

**ગુરજારપ**—તેહરાનનો વજીર.

**દારાં**—તેહરાનનો નાયબ વજીર.

---

# સમનગાનનો શેહેનશાહ.

## અંક ૧ લો.

### ગાયન.

( સઘળા સાથે મળી )

પરવર ! દાવર ! રહેમી ખાવર ! સઉના સરજનહાર
ભૂપ ભીખારી, સુખી સુલતાનના, સઉના પાલણહાર—પરવર
તું જને નમી, જમણો જમી, માંગીએ મદદગાર
જોડી આ કરોને, નમાવી સરોને, દુખના ઓટાળનાર—પરવર
શક્તી દે અમને, સહમંડળને ભીડતણા ભાંગનાર
કેચીત્યું જે દીલે, વગર ઢીલે ખુશીથા રે પડો પાર—પરવર

સબરશાહ—(દરબારને) મારી વહાલી વસ્તીના જનો આ શુભ પ્રસંગે તમો સરવેને એકઠા મળેલા જોઇને અત્યંત ખુશી થયો છું. હે ખુદા! મારી રૈયતને સારી બુદ્ધિ બખશજે અને રાજ તરફ વફાદાર રહેતાં શીખવજે. મારા રાજ્યમાં હવે સઘળે શાંતિ અને સુલેહ છે તે જોઇ મને આનંદ ઉપજે છે. મારા વફાદાર કારભારીઓ એ માટે તમને શાબાશ છે.

કેખશરૂ—અમોએ અમારી ફરજ બજાવી છે. એથી વધુ અમોએ કાંઇ પણ કીધું નથી.

સબરશાહ—ફરજ તો ખરી પણ એનું કરજ બધાથી અદા થતું થતું નથી.

સંત્રી—કોઇ પૈપીઓ એક કાગજ લઇને આવ્યો છે. આપનો હુકમ હોય તો અંદર લઇ આવું.

સબરશાહ—અંદર લઇ આવ.

એપીઓ-( દાખલ થતાં નમીને )-શેહેનશાહ સલામત ! કેરમાનના રાજા કાઉસે આ કાગજ તમો નામદારને પોહોંચાડવા કહ્યું છે, અને જવાબ તાકીદે માંગ્યો છે. સબરશાહ ( કેખશરૂ વજીરને ) આ કાગજ ખોલી વાંચી સંભળાવ.

( કેખશરૂ કાગળ લઇ વાંચે છે )

" સમનગાનની સલતનત શહેનશાહ સબરશાહને કેરમાનના રાજા કાઉસની સલામ સાથે લખવાનું કે કેટલોક વખત થયો તમારા રાજ્યમાં ઘણો ગેરઇનસાફ અને જુલમ ચાલે છે અને તમારી પોતાની રૈયત એ શાંખી નહી શકતી હોવાથી તમારા રાજ્યની લગામ અમને સોંપવા ઇચ્છે છે અને તેનું એ વાજબી આમંત્રણ હું સ્વીકારી સુલેહનો ભંગ થાય નહિ, અને કોઇપણ ખુનખાર લડાઇમાં ઉતરવું પડે નહિ, એવી નેમથી હું દુરસ્ત ધારૂં છું કે તમારે તમારૂં રાજ્ય ગુપચુપ અમને સોંપી દેવું એના બદલામાં તમને માસીક પેનશન આપશું. આ કાગજની સુચના મુજબ તમે જો ચાલવા રાજી નહી હોય તો મારે દીલગીરી સાથે લખવું પડે છે કે તમારે લડાઇની તૈયારીમાં રહેવું.

લી. સહી દસ્કત કાઉસ.
તે કેરમાન સલતનતનો શહેનશાહ.

સબરશાહ ( દરબારને ) હજી તો એક ખુનખાર લડાઇમાંથી હાલમાંજ ફારેગ થઇ તે પરવરની મેહેરથી આબાદીની નીશાનીઓ જોઇએ છીએ તેટલાંમાંજ આપણા સુલેહભર્યા રાજ્યને વળી પાછી ખલલ પોહોચશે એવી બીક છે કેરમાનના રાજાને આવું ડગારૂં કોણે સમજાવ્યું છે? એ આપણી આબાદીથી અંધ તો નહી થયો હોય? મારા મીત્રો તમો મારાં રાજ તરફ વફાદારીથી રહ્યા છે અને હવે પછીબી રહેશો એવી ઉમેદ રાખું છું. ( વજીર કેખશરૂ તરફ ફરીને ) મારા ડહાપણવંતા વજીર કેખશરૂ આ બાબતમાં તારો શું વીચાર છે? શેહેરની આબાદીપર પહેલાં નજર કરજે.' આપની ખુદની કાંઇ મતલબને સારૂં લડાઇ જગાડવાનું મન બાંધીશ નહી. દરબારીઓ સાથે મસલત કર અને શું જવાબ લખવો તે કહે.

( કૈખશરૂ નાયબ વજીર મીનોચેહેરને )—અંય દુર અંદેશ મી-નોચેહેર, શું વીચાર પુગેચ !

મીનોચેહેર—હું ખાત્રી આપું છું કે આપનું રાજ્ય નાનું છે, તેમાં ગેરઇનસાફ અને જુલમ જેવું કાંઇ નથી. આપણાંપર એક જુઠું જોડી કહાડેલું બોહતાન છે. આપની પાસે ફોજ નાની છે અને આપની નબળાઇ જોઇ કાઉસ આપણી સાથે લુચ્ચાઇનો દાવ રમી જવા માંગે છે. આ તોહોમત સહન કરવું યોગ્ય લાગતું નથી આવું અપમાન ખમવા કરતા બેહેતર છે કે જંગમાં ઝીપલાવવું અગર જો આ રાજ્ય સુલેહ જળવાઇ રહે એવી નેમથી કેરમાનના રાજ્ય સાથે જોડી દેવામાં આવે પણ સમનગાનની રૈયત એ શાંખી શકશે નહી, કાઉસ જેવા જુલમી રાજાને કોઇ કબુલ કરવાનું નથી. લડાઇ નહી જગાડીએ તોપણ રાજ જવાનુંજ ત્યારે લડાઇ કરીનેજ શા માટે આપણે આપણું તકદીર અજમાવવું જોઇએ નહી ? મારા મત મુજબ આવા જુલમગાર રાજાને આપણે ગુપચુપ કબુલ કરીએ તે કરતાં લડાઇ કરવા.

સબરશાહ—એ કહેવું ખરૂં છે પણ આટલા મોટા રાજાની સાથે લડવું સેહેલ કામ નથી. છેલ્લી લડાઇમાં જીત મેળવતાં પણ મારા બહાદુર શુરવીરો એકેક પછી એક હમેશની નીંદમાં સુઇ ગયા છે. આપણની પાસે એની સામે થવાને પૂરતાં સાધનો કયાં છે. બેહેતર છે કે કોઇ પણ રીતે સુલેહ જાળવી રાખવી. મારી પ્રજામાંના કેટ-લાંક બાપ વીનાના અને કેટલાંક ધણી વગરના થઇને ફરશે. તેઓનો ટવળાત હું કેમ સાંભળી શકીશ. મને રાજ નથી જોઇતું. ભલે કાઉસ આવીને રાજ કરે.

સોહરાબ ( સમનગાનની ફોજનો સરદાર ઝનુનમાં આવીને ) સાહેબની જો મદદ તો કોઇની નહી જરૂર, હુકમ કરો બસ કે લડાઇ કરૂં શરૂ.

સબરશાહ—સાબાશ છે તારી હીમ્મતને સોહરાબ. તારી હીમ્મત તારૂં હથીઆર છે. છેલ્લી લડાઇમાં જે જીત મેળવી તે પણ તનેજ આભારી છે. છતાં કાંઇ સુલેહ રહે તો સારૂં કેમ મીત્રો સુલેહ કરવી કે લડાઇ ?

( સઘળાઓ )—લડાઇ !

સબરશાહ—તો ઠીક. કેખશરૂ આ સીપાઇને લડાઇ કરવા બાબે જવાબ લખી તે પર સીલ મોહોર મારીને આપ.

કેખશરૂ ( નમીને )—હુકમ નામવર.

( કેખશરૂ જવાબ લખે છે. પછી તે દરબાર સનમુખ વાંચવા ઉભો થાય છે. )

કેખશરૂ—કાગજ પુરૂં થયું છે. હુકમ હોય તો વાંચી સંભળાઉં.

સબરશાહ—હા ! વાંચી સંભળાવો.

( કેખશરૂ કાગજ વાંચે છે. ) સમનગાનના શેહેનશાહ સબરશાહની બલી દુવા અને સલામ સાથે કેરમાનના શેહેનશાહ કાઉસને લખવાનું કે અમારા રાજ્યમાં ઘણો ગેરઇનસાફ અને જુલમ ચાલે છે એવું તમોએ જે તોહોમત મુકયું છે તે તદ્દન સચ્ચાઇથી દૂર છે, યાને એક જુઠું જોડી કહાડેલું કાવતરૂં છે. આવું અપમાન સમનગાનની પ્રજામાંનું કોઇપણ ખમી શકતી નથી. તમને લડાઈનો સ્વાદ ચાખવો હોય તો યાદ કરજો અમારી છેલ્લી લડાઇ. જો અમારૂં રાજ્ય જોઇતું હોય તો આવી જજો મેદાન, ને થાજો પશેમાન. ખુરાને ખુરાઇનો બદલો મળવો જોઇએ. તારૂં રાજ્ય મોટું અને લશ્કર જંગી છે તેથી તું ડરાવતો ના. આતરે સરવેનું મત છે કે તારી મગરૂરીનો છેડો જલદી લાવવો જોઇએ. વાસ્તે ઓ કેરમાનના શેહેનશાહ કસરવેજી કાઉસ તું અમને ફુસલાવીને અમારી નબળાઈ જોઇ રાજ્ય મેળવવામાં ફતેહ પામે તે પહેલાં તારી તુંદીને લડાઇના મેદાનમાં માહાત થયલી જોવાને તૈયાર થા.

સબરશાહ—બસ બરાબર છે. ઉપર સીલ મોહોર મારી એપીઆને આપ.

( કેખશરૂ સીલ કરીને સીપાઇને આપતાં :—લે આ તારા શેહેનશાહને એના કાગજનો જવાબ આપજે. ( સીપાઈ નમે છે )

સબરશાહ—સોહરાબ હવે લડાઇ તો નક્કી જામવાનીજ માટે તું સજ સમારી તૈયાર રહેજે. હવે તું તારી તૈયારી કરવા જા. તને ફતેહ ઇચ્છું છું.

સોહરાબ—હુકમ નામવર ! ( સોહરાબ કેટલાક સીપાઇઓ સાથે જાય છે )

સબરશાહ—કેખશરૂ લડાઇની સામગ્રી બરાબર કરાવજે. ખોરાક પુરતો રહે એમ બનતી તજવીજ કરજે. જાવ; મીત્રો અને સરવે ઘટતી તૈયારીમાં રહેજો.

( સરવે જાય છે સબરશાહ રહે છે )

---

## પ્રવેશ બીજો.

---

સબરશાહ—અઝબ ઝમાના ! તાહરો દોરને તાહરો તોર ઓર છે. શેહેનશાહોના શેહનશાહો માહાત થઇ ચૂક્યા તો મારી શું બીસાદ, ! શેહેનશાહતોની મહાન કબરો દરીયાના મોજાની પેરે ઉપર તળે થઇ ગઇ. ખએર ? ફીકર નહી ! ખુદા પાધરો તો વેરી આંધળો ! મારી ઉપર જે જુઠું આળ મુક્યું તે કેમ સહેવાય ? નહી ! નહી ! કદી સહેવાય નહી. ઓ કસરવેજી જુલમગાર કાઉસ ! મારા જેવો સુલેહનો રાજા પણ તારૂં અપમાન ખમી શકતો નથી. હા ! મારૂં લોહી ઉકળે છે. મારી નજદીક જો તું આ પળે હોય તો તને મારી આ તેજી તરવારથી ચીરી નાંખું. ! પણ સબર ! સબર ! કુદરતને રસ્તો લેવા દઉં છું. એકદમ ગરમ થવું ફોકટ છે ખુદા માહરી મદદે પોંહોંચ.

( સબરશાહ એટલું કહી ગાયન ગાય છે )

૨

પરવર પ્યારા, દીલના ક્યારા, છું દુઃખી દર્દી દીલગીર—પરવર પ્યારા
છું દુખી દર્દી દીલગીર, પણ ધરૂં હું હૈડે ધીર
પીતું જ મોહોબતના નીરમળ નીર
હવે તું જ હાથ ! છે સઉ વાત. હવે તું જ હાથ છે સઉ વાત ! પરવર પ્યારા

( પડદો પડે છે. કાઉસ આવે છે. )

---

# પ્રવેશ ત્રીજો.

કાઉસ—વાહ! મને ખાત્રી છે કે સબરશાહતો બાયલો છે અને લડાઇ કરવાથી પાછો હઠશે. મારા રાજ્યમાં ત્યારે વધારો થશે. પછી જોઇએતો એ લડાઈ કરે કે નહી કરે! પણ એની પાસે હવે હોય શું કે એ લડાઇ કરે! છેલ્લી લડાઈમાંતો ખુવાર થઇ ચૂકયો અને ખુવાર થવાનો હજી બાકી હોય તો આવી જશે. વળી મેદાન પડશે તો બીજું શું? આપણામાંથી બે પાંચનાં ડોકાં ઉડશે એજ કે બીજું.? ડોકાં ઉડશે તો ઉડશે પણ આપણી તરવાર તરસી થઇ હસેતો લાલ પાણીતો પીશે. ને સેવકનું નામતો અમર થશે. જાલ ( કેરમાનની ફોજનો સરદાર )—નામવર! અમ્મર થતાં તમ્મર નહી ખાવ તે તપાસજો. વગર કારણે લડાઈ જગાડવામાં કાંઇ ફાયદો નથી. લોભને થોભ નહી દેશોતો આટલામાંથી પણ ટળી જઇએ. આપણાં શૂર ઉપર મગરૂર રહેવું સલામત ભરેલું ધારતો નથી.

કાઉસ—( ખીજવાઇને )—ચુપ બાયલા હીચકારા, અત્યાર સુધી હું તને બહાદુર જાણતો હતો. પણ નહી. મારી બહાદુર ફોજની સરદારી તારા જેવા બાયલાને સેપુરદ કરવી ના મુનાસેબ છે.

(વીસલ ફોડી)—સીપાઇઓ! આ હીચકારાને કેદ કરી મારી નજરથી દુર કરો.

( કાઉસ ઝનુનમાં આવી જઈ દોડતો જાલને મારવા જાય છે. પડદો પડે છે

# પ્રવેશ ૪ થો.

ખેપીઓ—આહ! સબરશાહની દરબારનો શું દબદબો! શું તેઓની ગંભીરાઈ! શું તેઓની સાદાઇ! શું તેઓની ચતુરાઇ! એવા એવા બાદશાહો પણ દુનિયામાં વસે છે. ભલે રાજ નાનું છે પણ સુખી ઇનસાફી અને આબાદ છે. પેલો નામાંકીત કવી કહી ગયો છે કે

"ચંદન તેરી ચટકી ભલી, કયા બાપુલડી છાંવ
સજ્જન તેની ઝુંપડી ભલી, કયા દુરજનકા ગાંવ."

કાઉસ આટલી મોટી શેહનશાહતનો માલેક છે. પણ એવા રાજાઓ શું કામના! જે રાજાના દીલમાં દયા નહી, રૈયત પર પ્રેમ નહી તે રાજા દેશનું શું દળદર ફીટાડવાનો! એવા રાજા આ ભૂમિપર બોજા સમાન છે. તેઓ શ્રાપ છે! તેઓ પાપ છે! કાઉસની પાસે જો આ અહેવાલ રજુ કરૂં તો અદેખાઇથી બળી મારા પર જપતી લાવશે; મને મારાં બચ્ચાંને, હેરાન કરશે. હું એની કદર ખાઇશ તો મારી એ કબર ખોદે એવો એ છે તો બેહેતર કે ચુપજ રહેવું જે થવાનું હશે તે થશે. જેવાં જેનાં કર્મ. એ મુજી કોઇનું માને એવો નથી. બદ બખતીએ ઘેરાયલો હશે તો લડાઇ કરવાને તૈયાર થશે અગર જો એ લડાઇમાં ફતેહ પામે તો તેમાં નવાઇ નથી, કેમકે ફોજ ઘણી મોટી છે. લડાઇમાં જીતે પણ કદાચ ખરો પણ એનું સેવટતો બુરૂંજ આવવાનું. હવે વખત ઘણો થઈ ગયો છે, માટે જવાબ લઇ જલદી જવું જોઇએ.

---

## પ્રવેશ ૫ મો.

ખેપીઓ—(જતાં અચકીને)—લો સામેથી તો એજ આવેચ

કાઉસ (દાખલ થતાં)—કેમ વારતો બહુ થયો. મેહમાનદારી બરાબર થઇ હસે તેમાંજ આડો ને ઉભો ફાટેલો જણાય છે. વારૂ દુશ્મનની શું ખબર લાયો?

ખેપીઓ—ખબરમાં લડાઈની તૈયારી.

કાઉસ (અજબ થઇને)—શું લડાઈની તૈયારી?

ખેપીઓ—એમાં અજાયબી શું.

કાઉસ—એમાં અજાયબી શું પુછે છે? એ લડાઇ કરવા તૈયાર થયો હોય એમ હું માનું નહી.

ખેપીઓ (કાગજ આપતાં)—નહી માન્યું તો હવે માનો.

(સામેથી કાઉસનો વજી અસપંદીઆર આવે છે. નમી સલામ કરી ઉભો રહે છે.)

કાઉસ ( અસપદીઆરને કાગજ વાંચવા પછી )—એકદમ જા, અને આપણી ફોજના સરદાર શેહેરીઆરને ફરમાવકે લશ્કરમાં સઝ સમારી તૈયાર રહે હું હમણા આઉં છું અને પેલા મગરૂર સબરશાહને એની મગરૂરીનો સ્વાદ ચખાડું છું.

## ગાયન ૩ જું.

બાલો લઉં, બરછી લઉં, લઉં મારી તરવાર
બંદુક લઉં, તોપો લઉં, થાઉ બસ તૈયાર.—બાલો લઉં
નેજો લઉં, કમાન લઉં, કરૂં મુદઇને ઠાર
કતલ કરૂં કે બસ મરૂં, સમનગાનને ઠાર—બાલો લઉં
શહેરીયાર, થા તૈયાર, બસ તું સઝ સમાર
ઉઠાવ સર, પગ ભર, દે મુઝીને હાર હાર—બાલો લઉં
( પડદો પડે છે. નવો સીન. સોહરાની સરદારી )

---

## પ્રવેશ ૫ મો.

---

## ગાયન ૪ થું.

( સોહરાબની સરદારની હેઠળ ફોજ પ્રીલ કરતાં ગાય છે )

બહાદુરો, શૂરવીરો, તત્પર થાવ તૈયાર—બહાદુરો
તૈયાર થાવ તૈયાર, હીમ્મત સજી એકવાર,
સ્હાય કરશે પરવર, મુદઇ મારશે આયકર—બહાદુરો
રંગ રાખી, ભંગ ભાગી રણે મચાવો જંગ
હીમ્મત હરદમ રાખી હૈડે, દુશમન કરજો દગ
ફાટશે દુખનો અંધકાર, ઉગસે સુખની સહવાર—બહાદુરો
મુકી ધર ડર તમ, ભાંગી કુલ ગમ તમ
થાવ બસ તૈયાર, સજી સઉ હથીઆર
દુશમન આવેચ આવારે, છોડેક બંદુકનાં બાર—બહાદુરો

( લડાઇ શરૂ થાય છે. સોહરાબ સમનગાનની ફોજનો સરદાર જખમી થાય છે. શેહરીયાર માર્યો જાય છે. કેરમાનના શાહ કે

કાઉસની ફતેહ થાય છે. કાઉસ સમાનગાનનો કબજો લઇ સોહરાબ વિગેરેને કેદ કરી મજબુત પોહરો મુકયા પછી સબરશાહના મેહેલમાં સબરશાહ, તેની રાણી, છોકરાને કબજો મેળવવા જાય છે. )

કાઉસ—અય સબરશાહ ! તારી મગરૂરી કયાં ગઇ, મરદાનો મરદ છે તો તું કયાં છુપાઇ રહ્યો છે ? અય, એવા તું પાતાળમાં છુપાઈ જશે તો ત્યાંથી બી તને શોધી કહાડીસ. સીપાઇઓ ! પેલો બદબખ્ત સબરશાહ આ મેહેલના એકાદ છુપા ખુણામાં છુપાઈ રહેલો છે. અહીં મજબુત પોહરો રાખવો કે એ છટકવા પામે નહીં.

અંક પહેલો તમામ.

# અંક બીજો.

## પ્રવેશ ૧ લો.

સબરશાહ ( રાંણી શેહેરનવાજને )—વ્હાલા જાન શેહેરનવાજ, ઉઠો વીટેલી બીના પર ચીત ના લગાડો, રડવે, દીલગીર થવે આપણું દુખતો કાંઇ ટાળવાનું નથી. પણ દુખમાં ઉલટો ઉમેરો થાય છે. પ્યારા જાન તમે હીમ્મત પકડો નહીતો આપણે વધારે હેરાન થઇશું. ખુદાના શુકર કરો કે આપણ ત્રણેને જીવથીતો સલામત રાખ્યાં છે. જ્યારે આ જીવે એકવાર રાજ કીધું, તેજ જીવ તમો જોવ છો તેમ એક નાન માટે આ બીયાબાન જંગલમાં ટવળે છે- અને પોતાનાં વહાલાઓનો ટવળાત જે જોઇ શકતો નથી, તો કેમ નહી તેજ જીવ આ જમાનાની ગીરદેશીથી કોઇવાર રાજ કરે? પ્રીયા! આશા રાખો, કેમકે આશા જે છે તે લાકડી છે. આશા વંતી લાકડીનો ઉપયોગ કરો, અને તમારા નીરાશ થઇ લડડતા જીવને ટેકવી રાખો. વ્હાલાં શેહેરનવાજ! આપની આંખના તેજ આપના બેટા સનમુખ નજર કરો. એમ બળાપામાં આપણુ બન્નેની જીંદગી ખતમ થઇ જશે તો આ નીર્દોષ, બાળકનું શું થશે તે વિશે વિચાર કરો. પ્રાણુ પ્રીયા સેતાબીથી તમારા બળાપામાંથી ફારેગ થાવ, અને આ નીરાશ થયલા જીવને તમારી સાચ્ચી મોહોબત વંતી જીભથી એક ગાયન લલકારી ખુશી કરો.

### ગાયન ૧ લું.

નમુહો ઇશ! ઓ જગદીશ, નમું તુંજને પ્રીતેથી હું—નમુંહો ઇશ
અહો રઘુબીર! અહો તુંજથી સલામત સીર (૨)
વધુ વદે શું આ અબળા શું ( ૨ )—નમું હો ઇશ
અહો જોઇશ! સલામત શીશ! સુખ અદકુંરે માનું શું? (૨)
અહો દાતાર! અહો કીરતાર! માગું બસ હું ગાંગું તુજ—નમુંહોઇશ

શેહેરનવાજ—મારા પ્યારા પ્રાણુનાથ હવે રાજી

સબરશાહ—હા વ્હાલાં! રાજી! રાજી! ને તબીયત થઇ તાજી.

શેહેરનવાજ—બસ મને બા એજ જોઇએ. જાણીતો ફારસી સાએર કહી ગયા છે કે "યક તન દુરસ્તી હઝાર ન્યામત" તન સુખી હસે તો બધું છે. એ હશેતો મેહેનત થશે. એ વીનાતો બી-સીયાર દોલત પણ નકામી છે.

સબરશાહ—જેમ યંત્રને તેલની, ઢોરને ચારાની, અને ઝાડપા-નને પાણીની જરૂર છે તેમ આપણ આદમ જાતના જીવન અરથે ખોરાકની જરૂર છે. કેટલા કેટલા દીવસોની રંજ પછી આપણ ત્રણે ભૂખથી નાતવાન થઇ ગયાં છીએ. વ્હાલાં શેહેરનવાજ, હું પડોસના કોઇ નજદીકના ગામડાંમાંથી મ્હારો આ હીરો વેચી તેમાંથી થોડાક પૈસાનો ખોરાક લઇ આવું ત્યાં સુધી બેટાને સંભાળી અહીંજ બેસી રહેજો હું જલદી પાછો આવું છું.

શેહેરનવાજ—પ્રીતમ, જલદી આવજો અમો અહીં જંગલ બીયાબાનમાં એકલાં છઇએ.

સબરશાહ—મારાં વફાદાર પ્રીયા એમના બોલો. આપણી સાથે એક છુપો સાથી તો હરદમ છેજ.

શેહેરનવાજ—આપણી સાથે છુપો સાથી ! તે કોણ ?

સબરશાહ—કોણ વળી ! પરવર, જે રાય અને રંકનો પેદાનો કરનાર, પાળનાર, તથા ઇનસાફનો દેનાર છે.

શેહેરનવાજ—હા. રાય રંકને પાળનારતો ખરો પણ ઇનસા-ફીતો નહી. આપણે શું ગુનાહ કીધો કે આપણે માથે દુખનો જોરમાં ધોધમાર વરસાદ વરસે છે ?

સબરશાહ—ધીરધરો મારા પ્રાણીયા ! ખુદાઇ શકતીની નીંદા કરવામાં એટલાં ઉતાવળાં ના બનો. એ આપણી કસોટી કરેચ એમ માની સંતોશ પકડો. સબુરી અખત્યાર કરો. ચાલો હવે હું ખોરાક લેવા જાઉં

શેહેરનવાજ (કોટી કરતાં)—વહેલા વળજો.

(સબરશાહ જાય છે. શેહેરનવાજ ગાયન ગાતી ઉભી રહે છે.)

**ગાયન ૭ મું.**

વળજો વેહલા પાછા પ્રીતમ—(૨)
જોજો નાચાર આ અબળાની ગમ—(૨)—વળજોવેહલા

એકલડી આ નાર કેમ, ભુલી ભાન ભટકે
વિચાર એવો આવતાં, હાય હૈયડું ધડકે
હશે કીધાં કંઇ ક્રોડી કુકર્મ—(૨)
નહી મળે મહા દુખોનો મર્મ—(૨)
મધુર કળી ગુલાબની, પાણી વિના કરમાય
સમુદ્રના નીરમળ નીરજો, નદીએ કેમ સમાય ?
પામ્યુ નથી સુખ કોઇ પરમ—(૨)
નહી કળાય એ ભેદી ભરમ.—(૨)
વળજો વેહલા પાછા પ્રીતમ—(૨)
જોજો નાચાર આ અબળાની ગમ-(૨) વળજોવેહલાપાછા પ્રીતમ.
(પડદો પડે છે)

---

## પ્રવેશ ૭ મો.

સબરશાહ—( તરકારીવાળાને )—ભાઇ આ એક રૂપિઓ લઇ કાંઇ ખાવાનું આપશે. દૂર દરાઝથી આવેલો ઠાકેલો મુસાફર છું કાંઇ ખાવાનું આપશે તો બાળ બચ્ચાં સહિત ખાઇને દુવા દઇશ.

તરકારીવાળો—ભાઇ તું આવ્યો તો ભલે. હું તને આપું તે જલદી લઇ નહાસીજા તને કોઇ જોસે તો કેદ કરસે આ દેશના રાજાનો મોટો મ્હેલ બંધાય છે મજુરો બાંધકામ માટે પૂરતા નથી. અને તેથી તેણે એવો જાહેર ઢંઢેરો ફેરવ્યો છે કે જે કોઇ મુસાફર આ દેશમાં આવે તેને સેતાબ કેદ કરી મારા મ્હેલના બાંધકામે લગાડી તેને પેટ પુરતો ખોરાક આપવો. આથી ભાઇ તું જીવ લઇને નહાસજે મુસાફરો ઉપર સખત જુલમ અને જાપતો છે.

( સબરશાહ ઉતાવળ કરી નહાસવા જાય છે પણ પકડાઇ જાય છે. )

ચોકીદાર—હય મુસાફર ! કયાં જાય છે ઉભો રહે,

સબરશાહ—(કરગરીને)—હું એક મુસાફર છું. ભટકટો રખડતો આપણા શેહેનશાહની પનાહ પોશી હેઠળ આવ્યો છું. મારે પાછું મારે વતન જવું છે.

ચોકીદાર—ભાઇ, તારા અવાજ અને તારી નમ્રતાપરથી હું ધારૂં છું કે તું કોઇ ઉંચ તોખમનો પુરૂષ છે. તારાપર મને ઘણી દયા આવે છે; પણ ભાઇ જેનું નીમકખાઇએ તેને નીમકહરામ નીવડીએ નહી. આ રાજ્યના શેહેનશાહનો હુકમ છે કે દરેક મુસાફરને કેદ કરવો અને તેને મહેલના બાંધ કામે મજુરીના કામે લગાડવો. એ હુકમ મુજબ ભાઈ તું આ પળથી આ શેહેનશાહતનો કેદી છે.

સબરશાહ ( આંખમાં આંશું લાવી )—જેવાં તકદીર ! મારા કરમમાં મજુરી હશે તો મજુરી પણ કરીશ.

ચોકીદાર—તારો આ દમામદાર પોશાક ઉતારીને આ કેદીનો પોશાક પેહેર.

સબરશાહ—લાવ ભાઇ જેવી સરજત ( સબરશાહ કેદીનો પોશાક પેહરે છે. )

ચોકીદાર—આ ચુનો કોદાળી લે અને ચાલ મેહેલના કામપર. ( સબરશાહ ચુનો કોદાળી માથે મુકી ગાયન ગાય છે. )

---

## ગાયન ૮ મું.

બેડી પેહેરી, તાજને મેલી, પેહેરીઓ કેદી પોશાક—ટેક.

ચુનો, કોદાળી, માથે ઉઠાવી જાઉં મજુરી કાજ (૨) બેડી પેહેરી.

વ્હાલાં હશે, બેઠાં વાત જોઇને. જીગર મારૂં ચીરાય; (૨)

નાનપાનથી મોહતાજ રહીને, પ્રભુએ કેમ ખમાય (૨) બેડી પેહેરી

નવ ધારે રોતી, હશે તે અબળા, જીવ મારો ગભરાય (૨)

નીરદોશ તે મ્હારાં બાળ બચ્ચાંને, પ્રભુ થજોરે સ્હાય (૨) બેડી પેહેરી.

ચોકીદાર—ચાલ હવે વધુ વીલાપ કરવો ઠીક નથી. જે બન્યુ તે બન્યુ; અને જે બનવાકાળ તે બનશે. તું કોઇ લાયક ખાનદાનનો નર હશે તો છુપો નથી રહેવાનો. તું તારી યોગ્યતાએ પોંહોંચશે. ખુદા મારૂં ધારવું ખરૂં પાડે.

( પડદો પડે છે. )

---

# પ્રવેશ ૮ મો.

## ગાયન ૯ મું.

શેહેરનવાજ—ઉજડ ગામમાં, જ્યાં નહી કોઇ વસે;
ત્યાં બેહેસ્તી બાગમાં, ગુલ ફુલાં બસે
મધુર મેના મોર, કોયલ કાગડા;
સરાદે સુંદરે, તાણે રાગડા.
ગગનથી પહાડપે, તારો ત્યાં હસે;
કે તુંથી ઉંચે, ચાંદલો બસે.
વાદળ કેવું આ, ધમ ઘોર છે;
વીજળી વાયુનો, અજબ દોર છે.
વળી નદીના નીર, કેમ ખળભળે,
ઝાડના પાંદડાં, આમ તેમ હલે.

શેહેરનવાજ—બેટા પોઢી જવું છે ! ચાલ પોઢી જા. સવારના વેહલો ઉઠજે.
( વીલાપ કરેછે તે દરમ્યાન કોઇ છોકરાને ઉંઘમાં ઉંચકી જાય છે)

શેહેરનવાજ—વહાલા પ્રીતમ, તમો ખોરાક લેવા ગયા, દીવસોના દીવસો વહી ગયા પણ કેમ પાછા ફર્યા નહી. ? તમો ક્યાં હશો ? તમારૂં શું થયું હશે ? ઓ ખુદા તું આટલો ક્રુર કેમ બન્યો ? આ દુખીયારી નીરાધાર અબળાપર નજર કર. હું તારી મદદ નહી માંગુતો બીજા કોણ પાસે માંગું ? આ બીયાબાન જંગલમાં એકલી મારાં નીરાધાર બાળક સાથે કેમ જીવી શકું ? માહેરો વહાલો ભરથાર ક્યાં છે. ? તેની સાથે જલદી મેળાપ કરાવ. હું તેની મ્હોબતની પ્યાસી છું તો ના તરસાવ; અને દુખમાં ગીરફ્તાર છું તો આફતનો વધુ વરસાદ ના વરસાવ. અરે ! મને શું થાયચ ! મારી જીભ લઠડેચ ! મારી આંખે તમ્મર આવેચ. મારૂં હૃદય ધડકે છે, મારૂં કાળજું ફફડે છે. અહા ! આ સઘળો અંધકાર કેમ વ્યાપી રહ્યો છે. વળી કાંઇ ઔરત હજી બાકી છે ? કોઈ

નવી નીકળતી આફતનો ખ્યાલ આવેચ, હું તેની સામે થવા તૈયાર રહું. મારાં વ્હાલાં બચ્ચાંને મારી ગોદમાં ઢાંકી લઉં.

( બચ્ચાંને લેવા જાય છે પણ મળતું નથી. )

અરે પ્યારાં પુતળાં ! તું વળી ક્યાં ગુમ થઇ ગયું. ? હું ગાંડી તો નથી થઇ ? યા તો કોઈ સ્વપનો તો નથી જોતી. આ અનેચ શું ? મને સમજ પડતી નથી. હું સાદ મારી જોઉં તેનો કેયેથી જવાબ આવે છે ? ( સાદ મારે છે ) લોહરાસ્પ ! ( જવાબ નહી મળતાં અધીરી બની ) બેટા, લોહરાસ્પ ! ( ત્રીજીવાર વધારે અધીરી બની ) વ્હાલા બેટા લોહરાસ્પ ! તું કયાં છે. ?

( કપાળપર હાથ મારતા. ) સીતમ ! સીતમ ! સીતમ !

ઓ કુદરત તાહરી કેહરની હદ ક્યા છે. ? તેં તો જરા કહે ! ટવળતાંને તું કેમ ટવળાવેચ ! રખડતાંને કેમ રખડાવેચ ! મારતાંને કેમ મારેચ ! તારૂં કામ તો ટવળતાંને ટાળવાં, રખડતાંને રાખવાં, ને ડુબતાને તારવાનું છે, તો ઓહ ! આ ઉલટી બાજી કેમ રમેચ.

**ગાયન ૧૦ મુ.**

ગયો ક્યાં તું સબરશાહઓ પ્યારારે, ગયો ક્યાં તું સબરશાહઓ પ્યારા (૨)
પ્યારાને વહાલાને દીલના દયારા (૨) ગયો ક્યાં તું—
શું હંશ વીનાની હંશની ! શું નાથ વીનાની નાર !
શું મોર વીનાની ઢેલરે, ! ભસ્મ થયો અવતાર !
થયો ભસ્મ અવતાર, બંધ જીવનનું બાર
આવે છેડો આવાર, તો હું પામું કરાર—ગયો ક્યાં તું.
તુંજ વીના મુજ ગોદ આ ! ખાલી રહી બળે
પણ પ્યારા લોહરાસ્પ તું, નહી ! નહી ! મળે.--ગયો ક્યાં તું.

**અંક બીજો તમામ.**

# અંક ત્રીજો.

## પ્રવેશ ૯ મો.

ગુરજાસ્પ ( તેહરાનનો વજીર )—દરેક દેશને માથે રાજા તો જોઇએ, રાજા વગરની પ્રજા નહી. આ દેશનો શેહનશાહ ગુજરી ગયો ને ફરજંદતો કાંઈ છે નહી ત્યારે ગાદી કોણુને સોંપુ ? હું કોઇ લાયક આદમીને સોંપુબી ખરો, પણ રૈયતને આ ઇલાજ રૂચશે. ! નેકીને બદી સીવાય કોઈ ચીજ આપણી સાથે આવતી નથી. હું ભલા ઇરાદાથી કાંઇ રાજ્યમા ઉઠલ પાઠલ કરૂં પણુ ન કરે ખુદાને ઉંધુંજ કામ થાય અને છેવટે રાજ્યમાં બખેડા જેવું થાય તો તેની જવાબદારી કોણુ લે ? મરહુમ શેહનશાહના જીવતાં જીવત મેં તેનુ નીમક ખાધેલું છે. હજીતો તેનો સ્વાદ મારી દાઢોમાં છે. તે શું ગુજરી ગલો એટલે મારે એ વફા થવું. ! નહી ! નહી ! ઉંચ તોખમનું બલુ લોહી મારી નસોમાં વહે છે. રાજ્ય ગાદી કોણુને સોંપવી એ કામ તો મારૂં છે ત્યારે કરૂં કેમ ? વિચારમાંને વિચારમાં મારૂં માથું ફરેચ, મને હાલમાં ખુલ્લી હવાનીજરૂર છે. ચાલ, જરા ફરીઆઉં, અને મરહુમ શેહનશાહના બંધાતા નવા મેહેલની મુલાકાત લેતો આઉં ( પડદો પડે છે, મ્હેલના બાંધકામ આગળ ગુરજાસ્પ ફરતો ફરતો આવે છે. મજૂરો કામ કરે છે. ગુરજાસ્પને આવતાં જોઈ નમી સલામ કરે છે. )

ગુરજાસ્પ ( કંત્રાકતરને )—કેમ કેટલો વખત મ્હેલ પુરો થતાં લાગશે, મજૂરો પુરતા છે કે ?

કંત્રાંકતર—નામવર ! લગભગ વરસ એક હજી લાગશે. આટલા મજુર બસ છે.

ગુરજાસ્પ—હમણુા નવા મજુર કેટલા આવ્યા ?

કંત્રાકતર—આજ આઠેક દીવસ થયા રોજ પાંચ સાત નવા મળે છે.

ગુરજાસ્પ ( સબરશાહને જોઇને )—આ ક્યારે અને ક્યાંથી આવ્યો છે. ?

કેત્રાંકતર—સમનગાનના દૂર દેશથી દશ દીવસ થયા આવેલો છે.

ગુરજાસ્પ ( સબરશાહને )—તું અહીં શા માટે આવ્યો. ?

સબરશાહ—હું ક્યાં અહીં આવ્યો છું?

ગુરજાસ્પ—ત્યારે કોણ આવ્યું છે ?

સબરશાહ—મારૂં તકદીર આવ્યું છે.

ગુરજાસ્પ—ને તું પોતે નથી આવ્યો ?

સબરશાહ—ના, હું પોતે નથી આવ્યો.

ગુરજાસ્પ ( સબરશાહને હાથ લગાડી )—મારી સામે હું આ જોઉં છું તે શું. ?

સબરશાહ—એતો મારૂં શરીર છે.

ગુરજાસ્પ—શરીર તો ખરૂં પણ જીવવાળું કે નીરજીવ?

સબરશાહ—જીવવાળું બી નહી, ને નીરજીવ બી નહી!

ગુરજાસ્પ—ત્યારે કેવું. ?

સબરશાહ—અર્ધ જીવવાળું.

ગુરજાસ્પ—એટલે ?

સબરશાહ—એટલે જીવ તમો નામવર સાથે વાત કરેચ પણ બાકીજ કોઈ જગ્યાએ કામ કરેચ.

( ગુરજાસ્પ વિચારમાં પડે છે. )

ગુરજાસ્પ—તને મજુરીમાંથી છોડવી તને રાજપાટ આપવાની મરજી છે. તું લેવા તૈયાર છે ?

સબરશાહ ( ટકોરમાં )—હું સાહેબ ગરીબ મજુર રાજપાટની વાત તે શું જાણું ?

ગુરજાસ્પ—પણ હું તને રાજ કરતાં શીખવું તો?

સબરશાહ—શીખું બી ખરો. પણ પ્રધાન જોઇએ.

ગુરજાસ્પ—હું તારો પ્રધાન થઇશ.

સબરશાહ—એ પ્રધાન નહી બીજો પ્રધાન !

ગુરજાસ્પ—બીજો કયો ?

સબરશાહ—આ મારી છાતીમાં લખેલો છે તે.

ગુરજાસ્પ—શું ! તારી છાતીપર કાંઇ પણ લખ્યું નથી.

સબરશાહ—ત્યારે તું મારો પ્રધાન થવાને લાયકજ નથી.

ગુરજાસ્પ--વારૂ ! તારૂં નામ શું
સબરશાહ -મારૂં નામ સબરશાહ
ગુરજાસ્પ--( હેરત થઇ ) શું !
સબરશાહ—સબરશાહ.
ગુરજાસ્પ—સબરશાહ કોણ ?
સબરશાહ-૦એકવાર સમનગાનનો શેહેનશાહ

ગાયન ૧૧ મું.

તેજ છે ને આજ છે; શીર તણું તાજ છે
શીર તણું તાજ એક નાનથી મોહતાજ છે--તેજ છે.
ખુશીનું કરૂં આ ધામ, કરી કાંઇ નેક કામ
રાજ આપી તાજ આપી, પુગાડું બધે પેગામ--તેજ છે.
શુકરમાં જોડીકર, માંગી નેક નામવર
માંગુ પાક પરવર, મુરાદ મારી લાવ બર—તેજ છે.
દીવા કરૂં ઘરઘર, ખોલલી કરૂં ખબર
હવે નહી કોઇ ડર, ઉઠ ઉઠ શાહ સબર--તેજ છે.

---

## પ્રવેશ ૧૦ મો.

---

શેહેરનવાજ--હવે હું શું કરૂં. ? ક્યાં મારાં વહાલાંઓને શોધું. આ વનના એક છેડાથી બીજા છેડા સુધી તેઓની શોધમાં રહી,પણ ફોકટ. નહી ઉંઘ કે નહી ભુખ. હું થાકી ગઇ છું. હું ક્યાં જાઉં. ? હું રસ્તો બી કોણુને પુછું. ? સમુદ્રના પાણી બી ઉનાળામાં સુકાય પણ મારી આંખમાંના આશું સુકાતાં નથી. ( પોતાનો હાલ જોઇને ) આ શું મારો હાલ ? ક્યાં મારૂં જોર ? ને ક્યાં મારો તોર ? ક્યાં મારૂં વતન ને ક્યાં મારો વાસ ! અરે મને રાણી તરીકે શા માટે પેદા કીધી હશે ! શું આમ જંગલની જાહોજલાલી વેઠવા ! અરે ! અરે ! મારી પ્રજામાંના બધાં કેવાં ભરનીંદમાં હશે ! ઓ ખુદા ! મને રાણી તરીકે શા માટે પેદા કીધી ! મને પ્રજા તરીકે પેદા કરતે તો કેવું સારૂં ! મહેલની મજાહ કરતાં 'ઝુંપડાંની જંજાળ હજાર દરજ્જે ભલી છે. હવે ઉપાય બી શું લઉં ! કેટલા કેટલા મહીનાઓ થયા આ બીયાબાનમાં એકલી અને નીરાધાર ! સર્પના ફુંશ-

રાથી મારા અંગે અગન બળે. ઘુવડના અવાજથી મારા કાન બેહેર મારે. સીંહના પોકારથી મારી છાતી ફાટી જાય! અરે અરે! આ દુખીનો અવાજ કોણ સાંભળે?

( ૧ લુંટારૂ દાખલ થાય છે. )

લુટારૂં—મેં સાંભળ્યો મેં સાંભળ્યો, ! તારા દુખી અવાજપર હું દોડી આવ્યો. તું બીહના તું ધ્રુંજના. તારા અવાજપર હું કુરબાન છું. હું કુરબાન છું તારી છાતીપર, તારી હીમ્મતપર અને આ તારા રૂપપર. આવ! મારી આગળ આવ! મારાં પાંસાંમાં ઢુંક લે. મારી સાથે ચાલ, મારી પરણેતર થા. તને અહીંથી છોડવી મારે ત્યાં લઈ જાઉં અને અમ્મર સુખનો પ્યાલો પાંઉં.

શેહેરનવાજ—અરે બદ પાપી હીચકારા ! તારી હાજરીથીજ હું ડરૂં છું. મારી નજર આગથી દૂર થા. તારૂં મોહોડું સીવીલે. અને એવા નાપાક શબ્દો મોઢાંમાંથી ના કાહાડ. તારી જીભને તારાં મોઢાના બારમાં બંધ કરી ચુપકીદીની ચાવી માર.

લુટારૂ—અરે તારાં નસીબમાં સુખ લખેલુંજ નહી હશે. હું તને ચહાઇને બોલાઉં છું, તને પ્યાર કરૂં છું. તું મારૂં માન, મારી સાથે ચાલ, મારી માશુક થા ! તું એટલી એકદમ ગુસ્સે ના બન. તારી સ્થિતીનો તું વિચાર કર. તું અબળા એકલી શું કરી શકવાની છે!

શેહેરનવાજ—એવા ગુમાન ભરેલા શબ્દોનો ઉપયોગ કરવાથી તું પાડો હઠ. ઓ બદ હીચકારા ! તારૂં જોર, તારી મગરૂરી, તારો વા તારી પાસે રહેવા દે. તારી મદદની મોહતાજ નથી. હું તારા ઘરના સુખ કરતાં આ બીયાબાનમાં સુખ માનું છું. માટે ઓ ક્રુર લુંટારા તું હજી બી ભલો થા, અને અહીંથી તું પાછો જા હું એક અબળા છું અને તેથી મારા નાજુક બાંધાનો લાભ લઈ તું ફાવી જશે એમ ના ધાર. ફક્ત મારાં દીલમાંની આગ તારો નાશ કરવાને પુરતી છે. એક છેડાયલી ઝનુની અબળા શુ શું કરેચ તે તું જાણુતો નહી હોય તો તે જાણુવાનો વખત હવે આવેલો જાણુજે. વાસતે હું નમનતાઇથી કહું છું કે ભાઇ તું તારે મારગે જા.

લુટારૂ—હજીબી સમજ! ઓ કમભાગ્યની અબળા. તારીપર મને દયા આવે છે તેનો ઉપયોગ કર.

હેરનવાજ—હવે વધુ વખત ના લગાડ તું ભાઇ જલદી જા મને તારી દયા જોઇતી નથી.

લુટારૂ ( કોટી કરવા જતાં )—માન મારૂં માન.

શેહેર નવાજ ( લુટારૂને એક તમાચો મારીને ) હટ થાપી !

લુંટારૂ—હવે તું તારી પોતાની દયા નથી ખાતી તો બીજાને તારી દયા કેમ આવે?! મેં તને બહુ સમજાવી, પતાવી પણ તું માનતી નથી, તો મારી આ તરવારનો તું શીકાર થા ( તરવાર કાઢીને બતાવતાં ) જોયો આનો ચમકારો !

શેહેર નવાજ—જોયો ! જોયો ! તારો અને એનો ચમકારો તું જો મારા જીવનો ભુખ્યો થયો હોય તો ખુશીથી આ તારી તરવારથી હું મારા જીવનો ભોગ આપીશ પણ તારી બુરી નેમમાં તને ફાવવા દઇશ નહી.

લુંટારૂ—મારી દયા તને એક વખત વધુ ચેતવણી આપે છે. જો મારી આ લોખંડી બાજુ? સાંભળ મારો આ શેર જેવો અવાજ.

શેહર નવાજ—તારામાં દયા હતે તો તું લુંટારો હતેજ નહીં જોઈ મેં તારી લેખંડી બાજુ. બાજુ કે જે એક અબળાની ઉપર જોર અજમાવવા તૈયાર છે. શેર મરદો કોઇ વખત ઓરત ઉપર જોર અજમાવતા નથી. તું જો એમ ફુંફાડા મારતો હોય તો જાણુંકે તું મરદ નહી પણ બળદ છે. હીરો નહી હીચકારો છે. બહાદુર નહી પણ બાયલો છે.

( લુંટારૂ શેહેર નવાજના આંગપર ધસે છે. તેને પકડી ઘસડી જાય છે. પડદો પડે છે. )

---

## પ્રવેશ ૧૧ મો.

### ગાયન ૧૨ મું.

( સાહેલીઓ ગાય છે એક ગવડાવે છે. બીજીઓ ગાય છે ) ગરબા.

સુંદર રજની આ રાત (૨) લાગે હૃદય રળીયાત (૨)
બ્હેની સંગે રમીએરે.
જો જો, જંગીતે ઝાડ (૨) પેલો, પથ્થરનો પહાડ (૨)
બ્હેની સંગે રમીએરે.
જો જો, હીમાલય ઘાટ (૨) વરસે કેવો વરસાદ (૨)
બ્હેની સંગે રમીએરે.

ગાઓ માતાના લાડ (૧) માનો પ્રભુનો પાડ. (૧)
બ્હેની સંગે રમીએરે.
હશે જોતીરે વાડ (૧) મમ માયાળુ માત (૧)
બ્હેની સંગે રમીએરે.
જલદી થાશે પ્રભાત (૧) માટે પડીએરે વાટ (૧)
બ્હેની સંગે રમીએરે.

ગુરજાસ્પ—વાહ શું સરસ ગાયન ગાયું. વારૂ ! મારે એ શબ્દ આ દરબાર સનમુખ કહેવા છે. તમારો કીમતી વખત છીનવી લઉં તે પહેલાં તમારી. મારી મ્હાઉં છું. મારા મેહરબાન મીત્રો તમો જાણો છો કે આપણો રાજા કેટલોક વખત થયો મરણ પામ્યો છે. તેને કાંઇપણ સંતાન નહી હોવાથી ગાદી ખાલી પડી છે. હવે ખાલી પડેલી જગ્યા કેમ પુરવી એ તમારૂ કામ છે. દેશમાં કેટલો વખત વખત થયો ચોરી, લુંટફાટ થાય છે, આનું કારણ એકે સત્તાદારી-ઓને માથે કોઈ દાબ રાખી શકે એવી શકતીની ગેર હાજરી છે. એ શકતી તે એક રાજાની છે. જે દેશને માથે રાજા નહી તે દેશ સુધરેલો કહેવાય નહી. તે દેશનું દળદર ફીટે નહી. તેમાંથી ચોરી લુંટફાટ, તથા ગેર ઇનસાફમાં ઘટાડો થાય નહી. મારાં કમી મત મુજબ આપણે માથે રાજા પસંદ કરવામાં કાઇપણ જાતની ઢીલ કરવી જોઇતી નથી. વખત જે જાય છે તે આપણાં ભલાં માટે છે. મારા મીત્રો, તમો કોઇપણ રીતની ઢીલ ના કરો અને એવા એક લાયક આદમીને ખોળી કાઢો.

દારા. ( તેહરાનનો નાયબ વજીર ) એક માણસને તો પોતાની અને તેના કુટુંબનીજ ફીકર હોય છે. પણ રાજાને તો સારા દેશની રૈયતની ફીકર હોવી જોઇએ. જે ચુંટણી કરવાની છે તેમાં ઘણી સંભાળ અને કુનેહ રાખવાની છે. પહેલાં ખાલી પડેલી જગ્યા પુરવાની ઉતાવળમાં નહી પડતાં એ જગ્યાને લાયકના સદગુણોને ખોળવાની છે. તેથી રાજા તરીકે કેવા કેવા સદગુણો જોઇએ તે પહેલાં નક્કી કરવું વધારે સારૂં થઇ પડસે. અને એ બાબદથી મીત્ર ગુરજાસ્પ બરાબર વાકેફ હોવા જોઇએ એવું એમના લાંબા અનુભવ ઉપરથી કહી શકું.

ગુરજાસ્પ—મીત્ર, દારા. તમારી નુકતેચીની વખત સરની છે. અને એવી ડહાપણ ભરેલી સલાહ માટે આ દરબાર તરફથી હું તમારો આભાર માનું છું. રાજા તરીકે કેવા કેવા સદગુણો જોઇએ એમને પુછો છો તો તેના જવાબમાં મારી ટુંક બુદ્ધી મુજબ તો એમ લાગે છે કે પહેલો સદગુણ હીમ્મતનો એક રાજામાં હોવો જોઇએ. બીજો સદગુણ સંકટ સમે સબુરી અખત્યાર કરવાનો અને ત્રીજો સદગુણ દેશમાં લડાઇ જગાડવા કરતાં સુલેહ જાળવવાનો હોવો જોઇએ. બીજા ઘણાક સદગુણો જે સાધારણ માણસમા હોવા જોઇએ તે ઉપરાંત ઉપલા ત્રણ સદગુણો એક રાજામાં હોવાજ જોઇએ.

દારાં—બરાબર મીત્ર ! તમારા વિચારથી હું તદન મળતો છું. અને ઉમેદ છે કે આ દરબારમાં બીરાજમાન થયેલા સઘળા ઓધ્ધેદારો પણ મળતા થતા હશે ઉપલા ત્રણ સદગુણો જે તમોએ બતાવ્યા છે તે તમોએ કોઇમાં જોયા હશે એવું અનુમાન કરૂં છું. જો મારૂં અનુમાન ખરૂં હોય તો વગર અચકવે તે સખસને ઉઘાડો પાડવો એ તમારી પવીત્ર ફરજો માની એક લેખું છે.

ગુરજાસ્પ—મારા નેક મીત્ર દારા, એવો સખસ મારી નજરમાં છે તો ખરો, તે કોઇ મારો સગો નથી કે કોઈ ઓળખીતો નથી. હું તેને જાહેર પાડું તે પહેલાં મારો વિચાર તમને રૂચશે કે નહી તેથી ડરૂં છું.

દારાં—હું આ દરબાર તરફથી ખાત્રી આપું છું કે જે સખસને ઉઘાડે પાડવા ચ્હાતા હોય તે સખસને તમારે રાજા તરીકે જાહેર કરવો. દેશનુ ભલું કરતા તરીકે તમો જાણીતા છે. દેશને તમો માટે વિશ્વાસ અને માન છે માટે જે કરવું હોય તે કરો.

ગુરજાસ્પ—ઠીક ત્યારે, જે સખસને રાજા તરીકે હું પસંદ કરૂં છું તે એક કેદી અને મજુર છે તે તમને ગમશે ?

દારાં—મજુર છે તેથી શું થયું ? તેનું કામ હલકું છે તેથી તેની પંકતી અને તોખમ હલકું કહેવાય નહી. હીરો ધુળમાં રહે છે. તેના પર ઝવેરીઓની નજર પડવે તેને ધુળમાંથી ઉચકી લેવામાં આવે છે છતાં હીરો તે આખર હીરોજ કહેવાસે. તેને ધુળમાંથી ઉપાડી લીધેલો હોવાથી તેની કીમતમાં ઘટાડો થતો નથી. મીત્ર

ગુરજાસ્પ એવો સખસ જો કોઇ હોય તો તાકીદે તેને અમારી સનમુખ રજુ કરો હું અને અતરે બેઠેલાઓ તેને રાજા તરીકે વધાવી લઇ શું, તેને નમશું, દરેક રાજાને લાયકનું માન આપ શું મન્જુર હોય તો શું થયું? એ બાબે મારા બેઠેલા મીત્રોમાના કોઈને પણ વાંધો હોય તો તે સેતાબ જાહેર કરે.

દારાં ( કોઈ વાંધો લેનાર નહી હોવાથી )—મીત્ર ગુરજાસ્પ તમે જોવ છે કે તમાંરી ચુંટણીને માન આપવા આ સઘળા તૈયાર છે. માટે હવે વગર અચકવે આપણા ભવીષ્યના રાજાને લાવો કે અમો તેને વધાવી લઇએ.

ગુરજાસ્પ—મારા મીત્રો તમો જે સખસ માટે આટલા બધા આતુર છો તો તે સખસ આ રહ્યો. ( સબરશાહને દરબાર વચ્ચે લાવતાં ) તમો જુઓ છો તેમ એ કદી અને મજુર નથી પણ સમનગાનનો શેહનશાહ સબરશાહ છે.

સઘળા સાથે—અજબ ! અજબ!

ગુરજાસ્પ—પોતાના દેશવટા દરમ્યાન આના જેવા નેક રાજાએ સબુરી વેઠી તેનો આય બદલો એને મળ્યો છે.

સઘળાઓ સાથે—બેશક.

ગુરજાસ્પ—હવે તાજપોશીનો દીવસ કાલ ઉપર રાખી આ સાહેલીઓનું ગાયન સાંભળી વીખેરાઈ જઇએ.

---

## ગાયન ૧૩ મું.

( સઘળી સાહેલી સાથે.)

અરે ધીર ધરો મનધીર, અરે ધીર ધરો મનધીર (૨)
મળ્યો છે વીર, મળ્યો શુરવીર—ધીર ધરો મનધીર
રાજને તાજને લાયક છે એ, સંકટ સમે ધીર ધરે જે
કરીએ શુકર ! પરવર ! નામવર નીહાળીએ નેક અમે—અરે ધીર
ભુખ્યાંને દુખીઆંનો દાતાર ખરો તું, નીરાધારોનો આધાર રેતું
ખ્વાહુર ! નામવર ! નામવર નીહાળીએ નેક અમે—અરે ધીર

( પડદે પડે છે. )

---

# પ્રવેશ ૧૨ મો.

## ગાયન ૧૪ મું.

શેહરનવાઝ—
સંસાર સુખ શું છે! કોઇ સમજાવોરે કોઇ યારરેરે (૨)
રાય ન સુખી, રંક ન સુખી, સુખી કયો સંસારરેરેરેરે–સંસાર.
ઘડીક પલકમા ભૂપ ભીખારી, થઈ જાહિરે રખડેરે (૨)
મુગટ પેહરે એક, મજુર નાનથી મોહ તાજરેરે (૨) સંસાર સુખ
શું પૃથ્વી પરપોટાને, વાર ફુટતાંરે (૨)
આ કાયા કાચનીને, નહી વાર તુટતાંરે (૨)—સંસાર સુખ

આ સંસાર શું કામનો? એનો શું ભરુસો! રાય હશે તે રંક થશે રંક હશે તે રાય થશે. જળ ત્યાં સ્થળ ને સ્થળ ત્યાં જળ. આ સંસાર રૂપી સાગરમાં કોણુ સલામત છે? અંધાને લાકડી જોઇએ છે. ઘરને ટેકો જોઇએ છે; તેમ સ્રીને ટેકો નહી જોઇએ? પેલા પાપી ધુતારા જેવા ટેકા તો ઠોકરે ઠોકરે રખડે છે, ઘરના પ્રમાણુમાં ટેકો જોઇએ ટેકો જો ઘરના પ્રમાણુમાં નહી તો ઘર તુટી પડે. અરે મારા વહાલાઓ તમોએ મને ટેકો દેવો કેમ છોડી દીધો તમોએ જાણી કરીને છોડી દીવો કે કોઇ અણુધારેલા બનાવથી! મને કેમ ખબર પડે? મારા વ્હલાઓ તમો ક્યાં જઇને સુતાં છો? ઓ આવો ને જલદી મળો! આવો અને નીરાશ થયલા જીવને આનંદથી આશા એશ આપો તમો વગર મારો સંસાર ધુળ બરાબર છે. મારૂં જીવવું હવે શા ખપનું? મારી પાસે એવું સાધાન બી મળી નહી કે હું મારી જાતે મારો જાન કબજ કરૂં! (હીરાના હારપર હાથ મૂકતાં) હા! આ હીરો છે! તે ચૂસીને મારો અંત લઉં. નહી, નહી, સામેના વનમાં આગ લાગી છે. તેમાં હું હોમાની દઉં તો વધારે સારૂં.

બઐત.

પાપ બાપ તું કાપજે! દેહ સોંપે . આ નારે
લાગે અગન દીસે બહુ! થયો ભસ્મ અવતાર
(આમ બોલી ચેહમાં હોમાવા જાય છે એટલામાં આગલો લુંટારો. આવી પકડે છે.)

લુંટારૂ—ક્યાં જાય છે ? સબર.

શેહેરનવાજ—ક્યાં વળી ? ખુદાને ત્યાં

લુંટારૂ—બોલ મારી પરણેતર થાય છે કે નહિ ?

શેહેરનવાજ—નહી મુજી નહી !

લુંટારૂ ( તમાચો મારીને )—હવે !

શેહેરનવાજ—નહી ! નહી ! ને જીવ જાય તો નહી !

લુંટારૂ ( ખંજર ટાંકીને )—હવે ?

શેહેરનવાજ—નહી નહીને નહી ! નહી બસ નહી !

( લુંટારૂ શેહેરનવાજને અંદર ઘસડી જાય છે. )

---

## પ્રવેશ ૧૩ મો.

---

### ગાયન ૧૫ મું.

ગરબી.

( એક ગવડાવે છે તેમ બીજીઓ ગાય છે )

ચાલો સહીઅર સંગે રંગે રમીએરે, ચાલો સહીએર
સંગે રંગે રમીએ (૧)

આંગણે ચંદન ચોક કરીએરે, ચાલો સહીએર સંગે રંગે રમીએ
સુગંધી પુષ્પોથી વીર તે વધાવીએ (૧) ગરબો રમી કંઇ કળા
બતાવીએ (૧)—ચાલો

કનકન હાથ કેવા સોભે તમારા (૧) ગાઓ અનેક કાંઇ રાગો જો(૧)
નેનો તમારીમાં ચમકે ચમકારા (૧) મુખડા રાખો ખુશ
તાજો જો (૧)—ચાલો

( સબરશાહની તાજપોશીની ક્રીયા થાય છે. એ પછી સબરશાહ
નીચે મુજબ બોલે છે )

સબરશાહ—મીત્ર ગુરજાસ્પ, દારાં, અને આ દરબારમાં બીરાજમાન થયલા સદગ્રહસ્થો, તમો મને શેહનશાહ તરીકે જોઇ જેટલા ખુશી થયા છો તેટલોજ હું દીલગીર થયો છું. મારા મજુરીના દીવસો દરમ્યાન હું ખાસ એકલા માટે યા તેથી બે પાંચ વધુ જીવડાઓ માટે ફીકરમાં હતો. હવે મારે માથે ભાર છે. આખી રૈયતની ફીકર મારે સર છે હું ઇચ્છું છું કે મારા રાજ્યમાં કોઇપણ

કેકાણે બખેડા થવા પામે નહી, અને ગરીબ તવંગરને સરખો ઇન-સાફ મળ્યો જાય મેં પણ એકવાર રાજ્ય કીધું છે એમ ગુરજાસ્પે કહ્યું છે. પણ તકદીરની તાસીરનું કહણ થઇ શકતું નથી. તે પછી મેં મજુરી કરી અને પાછો તમો સનમુખ શેહનશાહની ફરજ સાથે તમારી સેવામાં ઉભો છું. મારી ઉમેદ છે કે ધીરે ધીરે મારૂં આ-ગળનું વેર કેરમાનના શેહનશાહ કાઉસ ઉપર લઉં. મને મારાં રાજથી અને નેક ઓરત તથા બાળકથી વેગળો કીધો છે. કોણ જાણે તે પ્યારા જાનો આ સૃષ્ટીની કઇ સપાટી ઉપર હશે ?

ગુરજાસ્પ—આપ નામવરનો હુકમ હોય તો આપની મુરાદો બર લાવવાની મારામાં શકતી છે.

સબરશાહ—શાબાશ છે, ગુરજાસ્પ તારી હાજરી આ રાજ્યાને ટેકા સમાન છે. મારી મુરાદ બર લાવવાની તારામાં શકતી છે તો તેમ કરજે.

ગુરજાસ્પ—આપના હુકમને નમું છું.

સબરશાહ—હવે આજના શુભ પ્રસંગે આ દરબારમાં હાજરી આપી તમારો કીમતી વખત રોકાયો છે. કામ કાજ માટે દરબારનું ભેગું મળવું આવતી કાલ ઉપર રાખી દરબારી સભા બરખાસ્ત કરૂં છું. ( સરવે જાય છે સબરશાહ રહે છે. )

સબરશાહ—હા ! દુનીઆ ! ખરેખર તું રંગ ઢંગ વગરની છે. ભૂપ ભીખારી થાય છે અને ભીખારી ભૂપ થાય છે એવું સમજ-વામાં આવેલું અને વીત્યું પણ. હજી કોણ જાણે પીઠ કેવી છે. અરે દુનીયા ! તારો રંગ અને ઢંગ કાંઇ અજબ છે.

સબરશાહ— ગાયન ૧૬ મું.

અરે દુનીયા ! રે દુનીયા શું ઘેલી અલબેલી (૨)
ઘેલી અલબેલી શું નારી રે–અરે દુનીયા ! રે દુનીયા
પીયુજી ઘર તે નીત રોજ જાવે,
કંઇકો ફસાવે, ને કંઇ કો હસાવે–અરે દુનીયા ! રે દુનીયા
કંઇકો ને મારે, ને કંઇકો ને તારે
કંઇકો ને તોડે, ને કંઇકોને જોડે–અરે દુનીયા ! રે દુનીયા

( પડદો પડે છે. દરબાર એકડી મળે છે)

## પ્રવેશ ૧૪ મો.

સબરશાહ--વહાલા મીત્રો ! ગુરજાસ્પ ક્યાં છે ? તેની તબીયત તો ઠીક છે ને ?

દારાં--આપની નેક દુવાથી તબીયત તો સારી છે.

ગુરજાસ્પ--ત્યારે એ કયાં ગયો છે. ?

દરાં—ખબર નથી નામવર ! કોઇ ઠેકાણે કામે ગયો હશે ત્યાં મોડું થયું હશે.

સબરશાહ—તું એક કાગજ લખી એની તબીયતના સમાચાર મંગાવ.

દારાં—( સર નમાવી ) હુકમ નામવર !

( દારાં કાગજ લખે છે. )

દારાં ( કાગજ લખ્યાં પછી )—પુરૂં થયું પરવર ! હુકમ હોય તો વાંચી સંભળાઉં

સબરશાહ—હા ! વાંચી સંભળાવ.

( દારા કાગજ વાંચે છે ) માત્ર ગુરજાસ્પ તે સબરશાહની તેહરાનની સલતનતના વજીરની જનાબમાં શેહેનશાહ સબરશાહ અને આ મીજલસમાં બેઠેલા દરબારીઓની સલામ અને ભલી દુવાઓ સાથે લખવાનું કે આજની સભામાં તમારી ગેરહાજરી માલુમ પડવે બેહદ દીલગીરી ઉમન્ન થઇ છે. અમો સર્વે ઇચ્છીએ છીએ કે તમારી તબીયત ખુશ હશે. તમારી રોકાણ ફક્ત ખાસ જરૂરી કારણસરનીજ હશે. આ કાગજ ખતમ કરતાં ભલી દુવાઓની લાગણી સાથે તબીયતના સુભ સમાચાર સાંભળવાને આ દરબારમાં બીરાજેલા સર્વે ગ્રહસ્થો આતુર છે.

લી. શેહેનશાહ સબરશાહ.

તે તહેરાનની સલતનતનો શેહેનશાહ.

સબરશાહ બસ બરાબર છે. સીલ મોહોર મારીને ભરૂસેદાર આદમીને ફરમાવ કે ગુરજાસ્પને ત્યાં તાકીદે આપી જવાબ લાવે.

દારાં—( એક સીપાઇને આપતાં )—લે. આ વજીર ગુરજાસ્પને આપી જવાબ લાવજે. સીપાઇ ( નમીને ) હુકમ નામવર !

( સીપાઇ જાય છે, પણ અચકી જાય છ )

સીપાઇ—ખાવીંદ સામેથી ગુરજાસ્પ આવે છે. ફરમાવો તો ઉભો રહું.

સબરશાહ—હા ! એ આવતો હોય તો થોભો જ.

ગુરજાસ્પ ( દાખલ થતાં નમીને—શેહેનશાહ સલામત !

સબરશાહ—કેમ આજે દરબારમાં આવતાં આટલું મોડું થયું ? તમારે ત્યાં આ કાગજ લઇને હમણા સીપાઇ રવાંના કરવામાં આવતો હતો એટલામાં તમો આવ્યા.

ગુરજાસ્પ—ખાવીંદ હું આપની સલતનતથી દૂર હતો. આપની અધુરી રહેલી મુરાદ બર લાવ્યો છું.

સબરશાહ—કઇ—મુરાદ ?

ગુરજાસ્પ—કેરમાનની સલતનત તમારાં રાજ્યને જોડી શેહેનશાહ કાઉસને તમો સનમુખ કેદી તરીકે હાજર કરવાની

સબરશાહ—શાબાશ ! ક્યાં છે તે તુંદી કાઉસ ?

ગુરજાસ્પ—બાહાર, સીપાઇઓના પોહોરા હેઠળ છે, હુકમ હોય તો અંદર બોલાઉં.

ગુરજાસ્પ ( હાથથી બોલાવવાની નીશાની કરતાં )—સીપાઇઓ.
સીપાઇઓ કાઉસને સાંકળથી બાંધેલો કેદી તરીકે લાવે છે. )

સબરશાહ ( કાઉસને )—કેમ એ બદબખ્તીથી ઘેરાયલા કાઉસ ! તું સાંકળે બંધાઇને કેમ ઉભો છે? તારી મગરૂરી ક્યાં ગઇ. મને દુ:ખનો દેનાર મારાં બાળ બચ્ચાંથી વેગળો કરનાર તુંજ કે કોઇબીજો?

કાઉસ—નામવર ? હા ! ખરેખર હું બદબખ્તીથી ઘેરાયલો હતો કે મને જંગ જગાડવાનું સુઝ પડયું. તારી બહાદુર ફોજના સરદાર સોહરાબે તારા નાહસવા પછી મારી ફોજને પૂર બાહોશીથી સીકસત ખાપી. મારી ફોજમાં કતલ ચલાવી, લોહીની નદીઓ બનાવી મને નેજાથી પકડી કેદ કીધો છે. ગુરજાસ્પે તારી હકીકતથી સમનમાનને વાકેફ કીધી છે અને ત્યાં તારૂં રાજ્ય ખુશાલીમાં ભરપુર છે. સોહરાબ કેખશરૂ વીગેરે તારી ગેરહાજરીમાં રાજ અમલ કરે છે. તું ખરો નેક બખ્ત કે એવા અમલદારો તને મળ્યા. મારી ફોજના સરદાર જાલ ! તારી સલાહના સખુનો મારા કાનમાં ભમી

રહ્યા છે. અરે મેં તે વખતે માન્યો હતે તો મારા માટે આજનો આવો દીવસ આવતે નહીં ? સબરશાહ મેં તને દુઃખ દીધું છે, મેં તને હેરાન કીધો છે તે હું કબુલ કરૂંચ્છું તું હવે બમણી ત્રણ ગણી સલતનતનો માલેક છે તો તારૂં દીલ તે પ્રમાણમાં મોટું કરી મારી તકસીર માફ કર. હું તારો તાબેદાર થઇને રહીશ !

સબરશાહ—સીપાઇઓ ! આ કાઉસની બેડી સેતાબીથી તોડી નાખો. કાઉસ ! તારા આજીજી ભરેલી અરજથી મારૂં દીલ નરમ થઇ ગયું છે. તારા જેવા મગરૂર શહેનશાહે ભુલ કબુલ કીધી અને તકસીર માટે માફીનો ઉમેદવાર થઇને ઉભો છે તો મેં તારીપર રહેમ કરી તને છૂટો કીધો છે. હું કહું છું કે તને મારા કેદી તરીકે મારા તાબેદાર તરીકે ગણીશ નહી ! પણ ક્યારે ! તું હમણા જેમ બકરી માફક નરમ છે તેવો હરદમ રહે ત્યારે ! સીપાઇઓ એને પોશાક બદલાવો. એ પાપનો પસ્તાવો કરી ચૂક્યો એટલે બસ.

સબરશાહ—મીત્ર ગુરજાસ્થ ! તું મારી ભલી મુરાદે પોંહચ્યો આ દરબારની શોભા અને વખાણને તું ખરેખર લાયક છે.

ગુરજાસ્પ —એતો આપ-નામવરની લાયકાત છે કે મને લાયક થવાની ફરજ પાડે છે.

દરબારીઓ—બેશક.

સબરશાહ--મારી બધી મુરાદ બર આવી પણ એક બાકી રહી ગઇ છે.

ગુરજાસ્પ---કઇ ?

સબરશાહ--મારા પ્યારા જાનો ક્યાં હશે ? તેઓ ક્યારે મળશે ?

ગુરજાસ્પ—ખુદાનું ચહાવું હશે તો એમ પણ થશે.

સબરશાહ—ખુદા તારી વાણી આમીન કરે.

એક સીપાઇ—નામવર ! કોઇ સોદાગર આપના મેળાપ માટે ખોટી છે. હુકમ હોય તો અંદર લાવું.

સબરશાહ—લઇ આવ.

સોદાગર ( દાખલ થતાં નમીને ) નામવર ! હું આપને માટે એક ભેટ લાવ્યો છું. તે કબુલ કરશો. ચાર વરસ ઉપર હું જંગલમાં

શીકારે ગયો હતો ત્યારે મારા કાન ઉપર એક રડતો અવાજ પડયો. તે હું બરાબર ધ્યાન આપી અવાજ ઉપર હું ગયો. અને અજાયબી વચ્ચે જંગલ બીયાબાનમાં મેં એક બાળકને રડતાં જોયું. ઉંચ તોખમનું હોવાથી મેં તેને ઉછેર્યું. પાળ્યું અને મોટું કીધું. આપનો હુકમ હોય તો મારી ભેટને તમો સનમુખ રજુ કરૂં.

સબરશાહ—ભલે ખુશીથી તારી ભેટ લઇ આવ. હું રાખીશ.

સોદાગર—આ મારી ભેટ.

સબરશાહ—( પોતાના બેટાને ઓળખીને ) એજ મારો બેટા. ( કોટી કરે છે. )

સબરશાહ—ઓ સોદાગર તેં મારા ઉપર ખરેખર આ ઉમદા ભેટની નવાજેશ કીધી છે. બોલ તને શું જોઇએ છે ?

સોદાગર—આપ નામદારની નેક દુવા.

સબરશાહ( અસરફીથી ભરેલી એક થેલી આપી જા, ) બચ્ચા આ લે અને સુખી થજે.

એક સીપાઇ—આપની રૈયતમાંનો એક આપની મુલાકાત માટે આતુર છે. હુકમ હોય તો અંદર આવવા દઉ.

સબરશાહ—આવવા દે.

મુલાકાત લેનાર સખસ ( નમીને )—શેહેનશાહ સલામત! આપના રાજ્યમાં એક વધુ દુખદાયક બનાવ બનવા પામ્યો છે. આપનો હુકણ હોય તો જાહેર કરૂં.

સબરશાહ—જાહેર કર.

મુલાકાત લેનાર સખ્સ—હું રહું છું તે ઘરની પડોશમાં એક પાપી માણસ વસે છે, તે કોઇની બેગાની ખુબસુરત રોશન દીદારની ઓરત ઉંચકી લાવ્યો છે. તેની પાકદામાન લૂંટવા તેણીપર તે ઘણો જુલમ કરે છે. તે નિરાધર અબળાની ચીચીઆરીઓ આપણુ આદમ જાતનું હૈડું ચીરી નાખવાને પુરતી છે. તેણીની લાજ લૂંટાય તે પહેલાં આપ નામદાર સનમુખ મારી ફરીયાદ તે નાચાર અબળા તરફથી નોંધાઉં છું. હુકમ ફરમાવો ને બે ચાર સીપાઇઓ આપો કે તે પાક ઓરત અને મુજી ચંડાળને તમો આગળ પકડી લાઉ.

સબરશાહ—સીપાઇઓ ! આ માણસની સાથે જાવ અને જેમ ફરમાવે એમ કરો.

( પડોશી તથા સીપાઇ આવે છે. )

સબરશાહ--પરવર તારી બખશેશના શુકર, તેં પાછું રાજ દીધું, તાજ દીધું, અને વહાલો ખોવાયલો પુત પણ પાછો દીધો. ઓ પરવર ! ઉમેદ છે કે મારી વહાલી શેહેરનવાજનો પણ જલદી પત્તો લાગે.

( શેહેરનવાજ, પડોશી તથા સીપાઇ દાખલ થાય છે. )

શેહેરનવાજ—આહા ! આ કોણ ! મારા વહાલા સબરશાહ !

સબરશાહ--હા વ્હાલી ! હુંજ સબરશાહ, હુંજ મજુર અને હુંજ પાછો શેહેનશાહ.

શેહેરનવાજ--ખરેખર, તમારૂં કહેવું હવે યાદ આવે છે. બેશક કુદરત ઇનસાફી છે.

( સબરશાહ તથા શેહેરનવાજ ભેટે છે. )

સબરશાહ ( પોતાના છોકરાને બતાવીને )— વ્હાલી આ કોણ!

શેહેરનવાજ ( ખુશાલીની ચીચીઆરી સાથે )--મારો પનોતો પુત.

સબરશાહ--સીપાઇઓ ! જાવ ! આમુજીને કેદ કરો એના ફેંસલો એન પછી પોંહોચાડશું.

### ગાયન ૧૭ મું.

( સઘળાં સાથે ગાય છે. )

શાદ રહો ! આબાદ રહો ! આબાદ શેહેનશાહ
આબાદ રાજ રાણીને, આબાદ શાહજાદા--શાદ રહો.

મદદ કીધી પરવરદેગાર, શુકર કરીએ હઝાર હઝાર
દુખનાઓ ટાળનાર, શુકર હઝાર હઝાર !--શાદ રહો.

કીધાં તે સુખી સાથે સહુ, દાબી દુખો બહુ બહુ
શુકર તુંજ અયઓ મેહેરબાન, શુકર હઝાર હઝાર !--શાદ રહો

( અંક ત્રીજો તમામ. )